જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા..૮/૯/૨૦૧૫ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૮૧૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી અને ૨૨ વ્યક્તિઓને ઝડપી ૧૩૯ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૨/૧૫**

**ઇસનપુર :** હસનખાન અહેમદખાન પઠાણ (રહે.અહેબાબનગર, મુસામીયાની ચાલીની સામે, ઇસનપુર) એ તા.૭/૯/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૯/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર સલમાન (ઉ.વ.૮) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.આર.રબારી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૧૩/૧૫**

**પાલડી :** ભાઇલાલભાઇ ફકીરચંદ બુંદેલા (ઉ.વ.૬૩)(રહે.બંસીપાર્ક સોસાયટી, કૌશલ્યા માતાના મંદિર પાસે, કોચરબગામ પટેલવાસ પાલડી) એ તા.૭/૯/૧૫ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૯/૧૫ બપોરનાં ૧/૧૫ થી ૧/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન મહાવીર સોસાયટીનાં કંમ્પાઉન્ડમાં પાર્ક કરેલ પોતાની સ્કુટી ઉપરથી અજાણી વ્યક્તિ ૫૦ નંગ કપડાનું પોટલું કિંમત રૂપિયા ૮૦,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ મસઈ.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૮૧૪/૧૫**

**ઈસનપુરઃ** પરેશભાઈ ગીરીશભાઈ પટેલ (રહે.શ્યામવિલા વિભાગ-૨ બોપલ) ઈએસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૯/૧૫ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મુક્તજીવન સ્કૂલ આગળથી રોડ ક્રોસ કરતી મહીલાને એક એક્ટીવાના ચાલકે એક્ટીવા પુરઝડપે અને બેદરકારી ચલાવી ટક્કર મારતા મહીલાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ૧૦૮ દ્વારા એલ જી હોસ્પીટલમાં લઈ જતા બપોરના ૧૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે વી રાણા ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**એલીસબ્રીજ :** ઇશ્વરસિંહ તખુજી ચાવડા (ઉ.વ.૬૫)(રહે.દશ બંગલા, ગવર્નમેન્ટ કોલોની, ગુલબાઇ ટેકરા, આંબાવાડી) તા.૩૧/૮/૧૫ બપોરના ૪/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન સી.એન.વિધાલય સામે આવેલ પોલીટેકનીક રોડ, એમરાલ્ડ હોન્ડા ના શો રૂમ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૧ એમબી ૯૪૭૭ નાચાલકે પોતાનુ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ઇશ્વરસિંહને ટક્કર મારતા, માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઇશ્વરસિંહના પુત્ર ઇન્દ્રજીતસિંહએ તા.૭/૯/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કોશ્રી સરતાનભાઇ મનોહરભાઇ ચલાવે છે

**નરોડાઃ** સુનિતાબહેન શંકરજી ઠાકોર (રહે.વિરમપુરા ગામ ઠાકોરવાસ તાલુકો-જીલ્લો- મહેસાણા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૯/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પીકઅપ ડાલા ગાડી નંબર જીજે ૭ વીવી ૮૩૮૮ માં બેસી પતી સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે નરોડા સરદાર પટેલ રીંગ રોડ રણાસણ ટોલટેક્ષ પાસે ગાડીના ચાલક આલમખાન હાસમખાન સિપાઇ (રહે. ગામ રાયપુરીયા તાલુકો શિતલવાડી જીલ્લો દાહોદ) એ બેદરકારીથી ચલાવી બ્રેક મારતા ગાડીમાં રાખેલ દવા છાંટવાનુ મશીન શંકરજી ગજીજી (ઉ.વ.૩૩) નાઓ ઉપર પડતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી પી સોલંકી ચલાવે છે

**મૃત્યુ નિપજવવાનો સંભવ હોય એવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કરાવેલ કૃત્ય અંગેની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૫/૧૫**

**આનંદનગરઃ** શોભાબહેન આષિશભાઈ મિસ્ત્રી (ઉ.વ.૫૧) (રહે.કૃષ્ણધામ ઔડાના મકાન વિભાગ-૨ આનંદનગર) એ તા.૭/૯/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૯/૧૪ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે કિર્તી સાગર એપાર્ટમેન્ટ જોધપુર ગામ ખાતે આરોપી નિલેશ ઉમેશભાઈ મીસ્ત્રી (રહે.શ્રીનાથ એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર ક્રોસીંગ પાસે વેજલપુર) એ શોભાબહેનના પતિ આષિશભાઈને ઈલેક્ટ્રીકનુ કામ નહી આવડતુ હોવા છતા નીલેશ મીસ્ત્રી હાજર નહી રહી ઈલેક્ટ્રીકનુ કામ કરાવતા વીજ કરંટ લાગતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૧૬/૧૫**

**માધવપુરાઃ** ગજેન્દ્રસિહ ભવરસિહ રાજાવત (ઉ.વ.૨૮) (રહે.છગનભાઈની વાડી તરગાવાડ ધી કાંટા) એ પત્નીના વિરહમાં તા.૭/૯/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલાના સમયે ઈદગાહ મનસુખપુરાની ચાલી ખાતે રહેતા પોતાના દાદીના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભરતભાઈ નારાયણભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શહેરકોટડાઃ** શંકરભાઈ કાંતીભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) (રહે. ચામુંડા પ્રેસ સ્ટાફ ક્વાર્ટર્સ નુતનમીલ ચાર રસ્તા આંબેડકરબ્રીજના છેડે સરસપુર) એ કોઈ કારણસર તા.૭/૯/૧૫ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગીની તપાસ હે.કો. શ્રી વાલસિંગભાઈ મલાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)